# નવસારી કૃષિ યુનિવર્સિટી

## ચીકુ ફાલ હરાજીની જાહેરાત

નવસારી કૃષિ યુનિવર્સીટી, નવસારી હસ્તકના વિવિધ કેન્દ્રો ખાતેથી ચીકુ ફાલ ઉતારીને લઇ જવાનો ઇજારો આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓએ નીચે દર્શાવેલ કેન્દ્રના ઇજારા માટે જે તે કેન્દ્ર ખાતે ટેન્ડર ફોર્મ દીઠ રૂા. ૬૦૦/- રોકડા ચુકવી ટેન્ડર ફોર્મ ભરી સંબંધીત તારીખ અને સમય સુધીમાં જમા કરાવવાના રહેશે.

| અ. નં. | કેન્દ્રનું નામ | અનામતની રકમ (રૂા) | ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ | ટેન્ડર ખોલવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરિયા તા. પારડી, જિ. વલસાડ | ૩૦,૦૦૦/- | ૨૪/૦૯/૨૦૨૫ | ૨૫/૦૯/૨૦૨૫ |
| ૨ | પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, અસ્પી બાગાયત મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૧૦,૦૦૦/- | | |
| ૩ | ઇન્સ્ટ્રકશનલ ફાર્મ, અસ્પી બાગાયત મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૫,૦૦૦/- | | |
| ૪ | ઓર્ગેનીક ફાર્મ, એન.આર.એમ. વિભાગ, અસ્પી બાગાયત મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૨,૫૦૦/- | | |
| ૫ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, કોલેજ ફાર્મ, નકૃયુ, નવસારી | ૧૦,૦૦૦/- | | |
| ૬ | સંશોધન વૈજ્ઞાનિક, સોઇલ એન્ડ વોટર મેનેજમેન્ટ રીસર્ચ યુનિટ, નકૃયુ, નવસારી | ૫,૦૦૦/- | | |
| ૭ | મુસા ફાર્મ, નકૃયુ, વ્યારા | ૫,૦૦૦/- | | |

- સંબંધીત કેન્દ્રના ટેન્ડર ફોર્મમાં પોતાના ભાવ ભરીને જે તે ડીડીઓના નામ સાથેની અનામતની રકમ રોકડ/ડી.ડી./આર.ટી.જી.એસ/ચેક સહિતનું બંધ કવર સંબંધીત કેન્દ્ર ખાતેની કચેરીએ ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂ કે ટપાલથી પહોંચતા કરવાના રહેશે.
- અનામત રકમ વગરના ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
- જે તે કેન્દ્રના ચીકુ ફાલ હરાજીની નિયત તારીખ ૨૫/૦૯/૨૦૨૫ ના દિવસે સવારે ૧૦:૦૦ કલાકે ઇજારદારોની હાજરીમાં પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, અસ્પી બાગાયત મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી ફાર્મ ખાતે આવેલ ભાવપત્રકો ખોલવામાં આવશે.
- ઈજારાની શરતો જે તે કેન્દ્રના ફાર્મ ખાતે તથા યુનિવર્સિટીની વેબસાઈટ www.nau.in પર વાંચવા મળશે.

સંશોધન વૈજ્ઞાનિક(બાગાયત)
કૃષિ પ્રાયોગિક કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી
પરીયા. તા.પારડી.જી.વલસાડ

નં.માહિતી/વલસાડ/461/2025

## કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, પરીયા કેન્દ્ર હસ્તકના ચીકુ ફાલના ઈજારાની વર્ષ ૨૦૨૫-૨૬ ની હરાજીથી વેચાણની શરતો:-

૧) કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, પરીયા ખાતેના વિભાગ-૧ થી ૫ અને વિભાગ-૬ થી ૮ એમ બે ભાગમાં આવેલા કોષ્ટકમાં જણાવ્યા મુજબના ચીકુના ઝાડનો વર્ષ ૨૦૨૫-૨૬ નો ફાલ ઉતારી લઈ જવાનો ઈજારો આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓએ ઇજારા માટે ટેન્ડર ફોર્મ દીઠ રૂા. ૬૦૦/- રોકડા ચુકવી ટેન્ડર ફોર્મ ભરી સંબંધીત તારીખ અને સમય સુધીમાં જમા કરવાના રહેશે. ટેન્ડર સાથે રૂા.૩૦,૦૦૦/- ડીપોઝીટ તરીકે રોકડ/ડી.ડી./આર.ટી.જી.એસ/ચેક દ્વારા જમા કરવાના રહેશે.

| વિભાગ | વિભાગ ૧ થી ૫ | વિભાગ ૬ થી ૮ | ચીકુના કુલ ઝાડ |
|---|---|---|---|
| ચીકુના ઝાડની સંખ્યા | ૧૮૬૮ | ૯૦૮ | ૨૭૭૬ |

૨) ઉપરોકત શરત-૧ માં નિર્દેશ કરેલ ચીકુનો ફાલ વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન ઉતારી લઈ જવાની ઈજારાની મુદત ઈજારો મંજુર થાય તે તારીખથી તારીખ ૩૦/૦૫/૨૦૨૬ સુધીની રહશે. સદર મુદતમાં કોઈપણ સંજોગોમાં વધારો કરી શકાશે નહીં તથા ઇજારો રાખનાર ઇસમ તેનો સબકોન્ટ્રાક્ટ આપી શક્શે નહી.

૩) જે ઇસમ હરાજીમાં ભાગ લેવા માંગતા હોય તેવા ઇસમ પાસે યુનિવર્સિટીની અગાઉની કોઇ પણ હરાજીના નાણાંની વસુલાત બાકી નીકળતી હોય અથવા બ્લેક લીસ્ટેડ થયેલ હોય તેવા ઇજારદાર હરાજીમાં ભાગ લઇ શકશે નહી. ટેન્ડર ભરનાર ઈસમ પુખ્ત વયનો હોવો જોઈએ તેમજ તે અસ્થિર મગજનો હોવો જોઈએ નહીં.

૪) ઈજારદારે અનામત/ભાવપત્રક સાથે પાનકાર્ડની નકલ ફરજીયાત આપવાની રહેશે.

૫) ડીપોઝીટ ભર્યા સિવાયના ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે. જે ઈસમનું ટેન્ડર મંજુર થશે તેમને ઈજારાની મુદત પુરી થયે ચીકુવાડીમાં કોઈ નુકશાન ન કર્યાનું પ્રમાણપત્ર રજુ કર્યે ડીપોઝીટ પરત કરવામાં આવશે. નામંજુર થયેલ ટેન્ડરના ઈજારદારની અનામતની રકમ ઇજારાના દિવસેજ પરત કરવામાં આવશે.

૬) સંજોગોવસાત જો ઈજારદારે ઈજારો રાખવા ભરેલ રકમ યુનિવર્સિટી સત્તાધિશોના અંદાજ કરતા ઓછી લાગે કે એક કરતા વધુ ઈસમોની રકમ સરખી હોય તેવા સંજોગો ઉપસ્થિત થાય તો તેવા સમયે નિમણૂંક કરેલ સમિતીનો નિર્ણય આખરી રહેશે અને હરાજીના દિવસે અને સમયે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે.

૭) ઈજારો મંજુર થયે ઈજારાની રકમ રોકડ/ડી.ડી./આર.ટી.જી.એસ/ચેક દ્વારા નીચેની વિગતે ભરવાની રહેશે.

| | |
|---|---|
| ઈજારાની રકમના ૧૦% | હરાજીના જ દિવસે |
| ઈજારાની રકમના ૪૦% (પ્રથમ હપ્તો) | હરાજી થયેથી ૧૦ દિવસમાં |
| ઈજારાની રકમના ૫૦% (દ્વિતીય હપ્તો) | તા. ૦૧/૦૧/૨૦૨૬ સુધીમાં |

મંજુર થયેલ ટેન્ડરના ઈજારદારે ઈજારાની રકમના ૧૦% જમા કર્યા બાદજ ઈજારદારનું ટેન્ડર માન્ય ગણાશે. પ્રથમ હપ્તાની રકમ જમા થયા બાદ જ વર્ક ઓર્ડર આપી ચીકુ ફાલ ઉતારવા દેવામાં આવશે. ઉપરોકત મુદતમા ખાસ કેસ તરીકે પ્રથમ અને બીજા હપ્તાના નાણાં ભરવા માટે વધુમાં વધુ ૧૫ (પંદર) દિવસની વધારાની મહેતલ આપી શકાશે અને સંબંધીત વધારાના દિવસ/દિવસોનું વ્યાજ નવસારી કૃષિ યુનિવર્સિટીના નિતી-નિયમોનુસાર ગણી ઈજારાની રકમ સાથે જ કચેરીમાં ભરવાનું રહેશે. નકકી થયેલ હપ્તાની રકમ સમયસર જમા કરાવવામાં નહી આવે તો ઈજારદારને મુદત બાદ ચીકુ ઉતારવાની પરવાનગી આપવામાં આવશે નહી.

૮) પ્રથમ હપ્તાના રકમ મુદતસર ભરવામા નહી આવે તો ઈજારો રદબાતલ કરવામા આવશે અને ઈજારદારના ડીપોઝીટ તથા ભરેલ અન્ય રકમ અત્રેના કેન્દ્ર દ્વારા જપ્ત કરવામાં આવશે. આવા સંજોગોમાં હરાજી સમિતી દ્વારા યોગ્ય નિર્ણય લેવાશે જે બંધનકર્તા રહેશે.

૯) ઈજારો રાખનારે અત્રેની કચેરીએ નકકી કર્યા મુજબની શરતો બંધન કર્તા છે તે મુજબનું કચેરી દ્વારા નકકી કરેલ લખાણ રૂ.૩૦૦/- ના નોન-જયુડીશિયલ સ્ટેમ્પ પેપર પર લખી આપવાનું રહેશે.

૧૦) ઈજારો મંજુર રાખવો કે નહીં તેની સત્તા હરાજી સમિતીના અધિકારીશ્રીઓની રહેશે. ફાર્મના ચીકુ ફળ ઉપર કોઈપણ જાતની સરકારી અથવા ગ્રામ પંચાયત કે માર્કેટીંગ યાર્ડનો કરવેરો કે ઓકટ્રોય વગેરે જે હશે તે ઈજારદારને શિરે રહેશે.

૧૧) ચીકુ ફળ ઉતારતા કોઈપણ માલ, મકાન, રસ્તા, પાક, ઝાડ વગેરેને નુકશાન ન થાય તેની કાળજી ઈજારદારે રાખવાની રહેશે. ઈજારદારથી અત્રેના કેન્દ્ર ખાતે કોઈપણ જાતનું નુકશાન થશે તો સંસ્થાને વ્યાજબી લાગે તે અનુસાર નુકશાનીની રકમ વસુલ કરવામાં આવશે. આ અંગે જે નિર્ણય લેવાશે તે ઈજારદારે માન્ય રાખવો પડશે. ઈજારદાર તરફથી રાખવામાં આવેલ મજુરો ફાર્મમાં કોઈ પણ વસ્તુ કે ફાર્મ પેદાશની ચોરી કરતા પકડાય તો તે માટે ઈજારદાર જવાબદાર ગણાશે અને તે માટે ઈજારદાર પાસે સંસ્થાને વ્યાજબી લાગે તે અનુસાર નુકશાનીની રકમ વસુલ કરવામાં આવશે. વધુમાં, ઈજારદારના મજુરો ફાર્મમાં ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ ન થાય તેની જવાબદારી પણ ઈજારદારની રહેશે.

૧૨) અત્રેના ફાર્મમાં ઈજારદાર તરફથી જે રખેવાળ કે પ્રતિનિધિ રાખવામાં આવે તેનું નામ, આધારકાર્ડની ઝેરોક્ષ, પુરૂ સરનામું અને મોબાઈલ નંબર ફાર્મ વ્યવસ્થાપકશ્રીને લેખિતમાં રજુ કરવાના રહશે. જેતે શખ્સને જયારે બદલવાના થાય ત્યારે તુરંત અત્રેના કેન્દ્રના અધિકારીશ્રીને નવા રાખેલ રખેવાળ કે પ્રતિનિધિની ઉપર જણાવ્યા મુજબની તમામ માહિતી આપવાની રહેશે. તે સિવાય કોઈપણ શખ્સને ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહી. સંબંધીત રખેવાળ કે પ્રતિનિધિ નું વર્તન યુનિવર્સિટીના હિતમાં નુકશાન કરતાં જણાશે તો તેવા શખ્સને અત્રેના કેન્દ્રના ફાર્મ વ્યવસ્થાપકશ્રી તરફથી જાણ કરવમાં આવે તેજ દિવસથી દુર કરવાનો રહશે અને તેવા માણસોને ફાર્મમા દાખલ થવા દેવામાં આવશે નહીં. અત્રેના કેન્દ્રના અધિકારીશ્રીની સમંતિ મેળવ્યા સિવાય ફાર્મ ઉપરના કોઈપણ મજુરને કામ ઉપર લઈ શકાશે નહી.

૧૩) ઇજારદારે સ્થળ પર કામ કરતા પોતાના તમામ મજુરોના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ ફાર્મ વ્યવસ્થાપકશ્રીને રજુ કરવાના રહશે. ઇજારદારે પોતાના મજુરોની રહેવાની સગવડ જાતે કરવાની રહેશે. મજુરોને સરકારશ્રીના નિયમ પ્રમાણેની તમામ સવલતો ઇજારદારે પોતાના ખર્ચે પુરી પાડવાની રહેશે. અકસ્માત વિમો તેમજ મજુરને કામગીરીને કારણે નુકશાન થાય તો તે માટેની સઘળી વ્યવસ્થા અને કાયદાકિય જોગવાઈ ઇજારદારે કરવાની રહેશે.

૧૪) કોઈપણ કુદરતી આફત (વાવાઝોડું, અતિવૃષ્ટિ અથવા બીજી કોઈ આસમાની સુલતાની) થી હરાજી કરેલ ચીકુ ઝાડનાં ફળને કોઈપણ નુકશાન થશે તો અત્રેના કેન્દ્રની કોઈ જવાબદારી રહેશે નહી. ઝાડને કુદરતી રીતે થયેલ નુકશાન અંગેની જાણ ઈજારદારે અત્રેના કેન્દ્રના અધિકારીશ્રીને કરવાની રહેશે.

૧૫) ઈજારદારથી આપલ ચીકુ ફળ ઉતારતા વખત ઝાડના મૂળ, ડાળ ક પાંદડાન કોઈપણ જાતનુ નુકશાન થવુ જોઈએ નહીં અને જો નુકશાન થશે તો તેની વસુલાત ઈજારદાર પાસેથી કરવામાં આવશે. ઝાડનાં લીલા, સુકા લાકડા તેમજ પાંદડા ઉપર ઈજારદારનો કોઈ પણ હકક રહશે નહીં. નકામાં ફળનો ફાર્મમાંથી વ્યવસ્થિત રીતે નિકાલ કરવાનો રહશે. ફાર્મમાં દુર્ગંધ ન ફેલાય તે ઇજારદારે જોવાનું રહેશે.

૧૬) કોઈપણ રોગીષ્ઠ ઝાડના નડતરરૂપ પાન કે ડાળી કાપવામાં આવે તો ઈજારદાર વાંધો લઈ શકશે નહી.

૧૭) ઉતારેલ ચીકુના ફળો ફાર્મની બહાર લઈ જવા માટે ફળો ઉતાર્યા હોય તેની ગણતરી કે વજનની નોંધ ગેટપાસમાં ફરજીયાત કરાવવાની રહેશે. આવી નોંધ કર્યા સિવાય ફળો ફાર્મમાથી બહાર લઈ જવા દેવામાં આવશે નહી. આ ઉપરાંત મુદત પુરી થવાના સમયે જે ચીકુ ફળ ઉતારી લઈ જવાય તેમાં કુમળા કે અપરીપક્વ ચીકુ ઉતારાય નહી તેની ઈજારદારે કાળજી લેવાની રહેશે, જેમાં કસુર થયે અત્રેના કેન્દ્રના વ્યવસ્થાપકશ્રી નકકી કરે તે દંડ ચુકવવાનો રહેશે.

૧૮) હરાજીથી રાખેલ ચીકુ ઝાડ ઉપર ફાર્મની કલમો બાંધવામાં આવે તો તેને ઈજાદાર અટકાવી શકશે નહી. તેમજ બાંધેલી કલમોને નુકશાન કે બગાડ ન થાય તેની તકેદારી ઈજારદારે રાખવાની રહેશે. તેમ છતાં કોઈપણ જાતનું નુકશાન થયેલુ જણાશે તો ડીપોઝીટની રકમમાંથી નુકશાનીની રકમ અત્રેના કેન્દ્ર દ્વારા વસુલ કરવામાં આવશે.

૧૯) ચીકુના અખતરાના ઝાડ કે જેના ઉપર સફેદ/પીળા પટ્ટા અથવા ટેગ લગાડવામાં આવેલ હોય તેવા ઝાડોના ફળો ઉતારતી વખતે અગાઉથી મંજુરી મેળવ્યા બાદ ફાર્મના પ્રતિનિધિની હાજરીમાંજ ફળો ઉતારવા દેવામાં આવશે. જેની ઝાડ દિઠ ફળની સંખ્યા અને વજન નોંધવામાં આવશે તેમજ જરૂરીયાત અનુસાર પૃથ્થકરણ માટે અખતરાના ઝાડ દિઠ ૨૫ (પચ્ચીસ નંગ) ફળો વિના મુલ્યે આપવાના રહેશે. તદઉપરાંત યુનિવર્સિટીના નવા અખતરા ઇજારા સમય દરમિયાન જરૂરીયાત અનુસાર કોઇપણ યોગ્ય સમયે વચ્ચેથી શરૂ કરી શકાશે જે ઈજારદારે માન્ય રાખવું પડશે.

૨૦) ઈજારા હેઠળના ઝાડને ફાર્મની સુવિધા પ્રમાણેજ પિયત આપી શકાશે. આ અંગે ઈજારદારની કોઈપણ તકરાર ચાલશે નહીં.

૨૧) ચીકુફાલના ઈજારા અંગે કોઈપણ જાતની તકરાર/મુશ્કેલી/મુદ્દાઓ ઉપસ્થિત થાય તો તે અંગે નકૃયુ, નવસારી તરફથી/અત્રેના કેન્દ્ર દ્વારા જે નિર્ણય કે ચુકાદો આપવામાં આવે તેને ઈજારદારે શિરોમાન્ય રાખવો પડશે તથા આ અંગે કોઇપણ કાનુની વિવાદ ઉપસ્થિત થાય તો દાવો ફક્ત નવસારીની કોર્ટમાં જ દાખલ કરી શકાશે.

૨૨) પરિસ્થિતીને અનુરૂપ અત્રેના કેન્દ્રના અધિકારીશ્રી ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરત અંગે જે નિર્ણય લેશે તે ઈજારદારે માન્ય રાખવાનો રહેશે તથા શરતી ભાવો માન્ય રાખવામાં આવશે નહી. સંજોગોવસાત ઉપરોકત શરતોમાં કોઈપણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવો પડશે. તે અંગે કોઈપણ તકરાર ચાલશે નહી.

---

તારીખ:૦૩/૦૯/૨૦૨૫
સ્થળ:પરીયા

મંજૂર

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

સંશોધન વૈજ્ઞાનિક(બાગાયત)
કૃષિ પ્રાયોગિક કેન્દ્ર,
ન. કૃ. યુ.,પરીયા, તા.પારડી, જી.વલસાડ